# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in | LOK PATRIKA | RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા | સ્થાપના ૨૦૧૦ | વર્ષ : ૦૪ અંક : ૩૨ | વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો સુદ ૧૪ | પાના - ૦૮ | કિંમત : ૪ | અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 32 • Dt.03-09-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

03 SEPTEMBER- 2025 WEDNESDAY




P.07

ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ સાથે છૂટાછેડા પછી ધનશ્રી પ્રેમને ફરી તક આપશે



P.07

દિવસ આપણે આજે સિગારેટને જે રીતે જોઈએ છીએ તે જ રીતે ડ્રમસ્કોલ કરતા જોઈશું : પરિણીતી

સુદાનમાં ભૂસ્ખલન, ૧૦૦૦ લોકોના મોતની આશંકા; દારફુરમાં આખું ગામ નાશ પામ્યું 07





07 ભારતે ભૂકંપગ્રસ્ત અફઘાનિસ્તાનને મદદ મોકલી ૧૦૦૦ પરિવારોને તંબુ | ૧૫ ટન ખોરાક આપ્યો

આરોપી ઘરમાં બેસીને યુકે, કેનેડાના વિઝા બનાવતો

દિલ્હી, પંજાબ, ચંદીગઢ અને હરિયાણા સહિતના રાજ્યોના એજન્ટોને કુરિયર મારફતે મોકલતો હતો

# સુરતમાંથી ઝડપાયું વિઝા કૌભાંડ | યુવક કરોડો કમાયો

આરોપી પ્રતિક પ્રતિ સ્ટીકરના ૧૫થી ૨૦ હજાર રૂપિયા વસૂલતો હતો. બંને ટીમોની સંયુક્ત તપાસમાં હમણાં સુધી આ આરોપીએ ૭૦૦ જેટલા આ પ્રકારના વિઝા સ્ટીકર બનાવી અલગ અલગ રાજ્યોના એજન્ટોને મોકલ્યા હોવાની માહિતી મળી

| પ્રતિનિધિ, સુરત, તા.૨ |

શહેરના રાંદેર વિસ્તારમાં આવેલી એક ઓફિસમાં એસઓજી અને પીસીબીની ટીમોએ સંયુક્ત રીતે છાપો મારી પ્રતિક શાહ નામના ઈસમની ધરપકડ કરી હતી. આરોપી પોતાની ઓફિસમાં આ બનાવટી વિઝાનું સ્ટીકર બનાવતો હતો, જે દિલ્હી, પંજાબ, ચંદીગઢ અને હરિયાણા સહિતના રાજ્યોના એજન્ટોને કુરિયર મારફતે મોકલતો હતો. આરોપી પ્રતિક પ્રતિ સ્ટીકરના ૧૫થી ૨૦ હજાર રૂપિયા વસૂલતો હતો. બંને ટીમોની સંયુક્ત તપાસમાં હમણાં સુધી આ આરોપીએ ૭૦૦ જેટલા આ પ્રકારના વિઝા સ્ટીકર બનાવી અલગ અલગ રાજ્યોના એજન્ટોને મોકલ્યા હોવાની માહિતી મળી છે.

આ સ્ટીકર તે કોરલ ડ્રો સોફ્ટવેરની મદદથી બનાવતો હતો.સુરત એસઓજી અને પીસીબીની ટીમે માહિતીના આધારે સુરતના રાંદેર વિસ્તારમાં આવેલા સમોર રેસીડેન્સીના ફ્લેટ નંબર ૨૦૨ માં છાપો માર્યો હતો.

જ્યાં લેપટોપ પર કોરલ ડ્રો સોફ્ટવેરમાં બનાવટી વિઝા સ્ટીકર બનાવતા પ્રતીક શાહ નામના ઈલેક્ટ્રિકલ એન્જિનિયરને ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં આરોપીએ યુકે, કેનેડા, યુરોપ, સરબીયા, મેકેડોનિયા જેવા અલગ અલગ દેશોના બનાવટી વિઝા સ્ટીકર બનાવતો હોવાનું તપાસમાં સામે આવ્યું હતું. આ તમામ દેશો જોડે બનાવટી વિઝા બનાવવાનું સુવ્યવસ્થિત સેટ અપ ગોઠવી રાખ્યું હતું.




આરોપીના ફ્લેટમાંથી અલગ અલગ દેશોના ૫ જેટલા બનાવટી વિઝા સ્ટીકર, ૮ કલર પ્રિન્ટ, રિપબ્લિક દેશનો સ્ટેમ્પનો સિક્કો, બે પેપર કટર, બે યુવી લેઝર ટોર્ચ, એક એમ્બોઝ મશીન કબજે કરાયું. આ ઉપરાંત બે કોર્નર કટર મશીન, સ્કેલ, નવ ઈક્કની બોટલો, યુરોપ કેનેડા, મેકેડોનિયા, સર્બિયા, યુકે જેવા દેશના પેપરોનો જથ્થો, ૫ મોબાઈલ, બે કલર પ્રિન્ટર, તેમજ એક રૅ કંપનીનું લેપટોપ પણ કબજે કરાયું. આમ કુલ ૧.૩૦ લાખ રૂપિયાની મતાનો મુદ્દા માલ કબજે કરી ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરવામાં આવી. આરોપી પ્રતીક શાહ, ટ્રાવેલિંગ એજન્સી ચલાવતા અન્ય એજન્ટોના સંપર્કમાં હતો.

દુબઈથી ફ્લાઇટ એફઝેડ ૪૩૭ દ્વારા આવેલા એક પેસેન્જર પાસેથી રૂપિયા૧૬ લાખની કિંમતનું ૨૪ કેરેટ સોનું જપ્ત

## અમદાવાદ એરપોર્ટ ઉપર સોનાની દાણચોરીનો પર્દાફાશ | ટ્રોલી બેગના પૈડામાં છુપાવ્યું હતું સોનું

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨ |

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફરી એકવાર કસ્ટમ્સ અધિકારીઓએ સોનાની દાણચોરીનો પર્દાફાશ કર્યો છે. દુબઈથી ફલાઈટ એફઝેડ ૪૩૭ દ્વારા આવેલા એક પેસેન્જર પાસેથી રૂપિયા૧૬ લાખની કિંમતનું ૨૪ કેરેટ સોનું જપ્ત કરવામાં આવ્યું છે, જેને તેણે પોતાની ટ્રોલી બેગના વ્હીલના પોલા ભાગમાં છુપ।વ્યું હતું.કસ્ટમ્સ અધિકારીઓને પેસેન્જરની હિલચાલ પર શંકા જતા તેને અટકાવવામાં આવ્યો હતો. તેની બેગની તપાસ કરતા, અધિકારીઓને વ્હીલની રચનામાં કંઈક અસામાન્યતા જોવા મળી હતી. વધુ ઊંડાણપૂર્વક તપાસ કરતાં વ્હીલની અંદર સિલિન્ડર આકારના નક્કર સોનાના ટુકડા છુપ।વેલા મળી આવ્યા હતા.કસ્ટમ્સ અધિકારીઓના જણાવ્યા મુજબ, દાણચોરો સ્કેનર અને વિઝ્યુઅલ તપાસથી બચવા માટે સતત નવી અને અનોખી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે.

આ પહેલા પણ સોનું બેગના હેન્ડલમાં કપડાની લાઈનિંગમાં અને ઈલેક્ટ્રોનિક વસ્તુઓમાં છુપાવેલું મળી આવ્યું છે.જપ્ત કરાયેલા સોનાની કિંમત ઘરેલુ બજારમાં આશરે રૂપિયા૧૬ લાખ છે, અને તેને કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ ની જોગવાઈઓ હેઠળ જપ્ત કરવામાં આવ્યું છે.

પેસેન્જરની અટકાયત કરવામાં આવી છે અને આ દાણચોરી પ।છળ કોઈ મોટી સિન્ડિકેટ છે કે કેમ તે અંગે વધુ તપાસ ચાલી રહી છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પ ટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ફરી એકવાર કસ્ટમ્સ અધિકારીઓએ સોનાની દાણચોરીનો પર્દાફાશ કર્યો છે.







### દમન સામે ભારે વિરોધ

# સોનગઢમાં આદિવાસી સમાજની જન આક્રોશ રેલી

**રેલીમાં આદિવાસીઓ પર થઈ રહેલા દમનના આક્ષેપો સામે ભારે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો**

। પ્રતિનિધિ, તાપી, તા.૨ ।

સોનગઢ ખાતે આદિવાસી સમાજ દ્વારા જન આક્રોશ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં આદિવાસીઓ પર થઈ રહેલા દમનના આક્ષેપો સામે ભારે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. રેલીમાં મોટી સંખ્યામાં આદિવાસી સમાજના લોકો જોડાયા હતા, જેમાં જિલ્લા અને રાજ્યસ્તરના કોંગ્રેસના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.આજે સવારે સોનગઢમાં આદિવાસી સમાજના સેંકડો લોકો પરંપરાગત વાદ્યો સાથે એકઠા થયા હતા. તેઓ હાથમાં વિવિધ વિરોધના પ્લેકાર્ડ્સ લઈને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતા આગળ વધ્યા. રેલી દરમિયાન યુવાનો ઢોલ વગાડીને આદિવાસી સંસ્કૃતિ મુજબ નાચતા-ગાતા જોવા મળ્યા. પોલીસે ચુસ્ત બંદોબસ્ત સાથે આ રેલીને કડક સુરક્ષામાં આગળ ધપાવી હતી.અગાઉ પમ્પિંગ હાઈડ્રો સ્ટોરેજ પ્રોજેક્ટના સર્વે માટે પોલીસ પ્રોટેક્શન સાથે અધિકારીઓની ટીમ સાતકાશીના આસપાસના વિસ્તારમાં ગઈ હતી. ત્યારે આદિવાસી સમાજે વિરોધ નોંધાવ્યો હતો, જેમાં પોલીસે ટીયર ગેસના ગોળા છોડ્યા અને હળવો બળપ્રયોગ કર્યો હતો. લોકોએ આક્ષેપ કર્યો હતો કે પોલીસે એક્સપાયરી ડેટવાળા ટીયર ગેસના સેલનો ઉપયોગ કર્યો હતો.




તેમની માંગ હતી કે ગ્રામસભા બોલાવ્યા બાદ જ આવા પ્રોજેક્ટ માટે અધિકારીઓ આવે, જેને લઈને આજની જન આક્રોશ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે વાંસદા બેઠકના ધારાસભ્ય અને વ્યારાના પૂર્વ ધારાસભ્ય સહિત જિલ્લા કોંગ્રેસના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના નેતાઓએ આદિવાસી સમાજની સમસ્યાઓને ઉકેલવા સરકારને હાકલ કરી. ખાસ કરીને દક્ષિણ ગુજરાત કોંગ્રેસ પ્રભારી ઉષા નાયડુ દિલ્હીથી આવી હાજર રહ્યા હતા. તેમણે જણાવ્યું કે કેન્દ્ર સરકાર દ્વારા વોટ ચોરી જેવી પ્રવૃત્તિઓ થઈ રહી છે, જે લોકશાહી માટે ગંભીર જોખમ છે.

આંદોલનમાં હાજર ધારાસભ્ય અનંત પટેલે ઉગ્ર સ્વરમાં જણાવ્યું કે, આદિવાસી સમાજ પર થતા દમન સામે લડત છેલ્લે સુધી ચાલુ રહેશે. તેમણે આદિવાસીઓને એકતા સાથે આગળ આવવાની અપીલ કરી. રેલીમાં મહિલાઓ અને યુવાનોની નોંધપાત્ર હાજરી જોવા મળી, જેના કારણે સોનગઢ શહેરમાં જુસ્સો છવાયો હતો.

## નવસારીની પૂર્ણા નદી કિનારે મળ્યો બાળકીનો મૃતદેહ, એક દિવસ અગાઉ મૃત્યુ થયાની આશંકા

। પ્રતિનિધિ, નવસારી, તા.૨ ।

હાલમાં જ નવસારી જિલ્લામાં પૂર્ણા નદીના કિનારે આજે સવારે ચકચારી ઘટના સામે આવી છે. નદી કિનારે અંદાજે ત્રણ વર્ષની એક નાનકડી બાળકીનો ડીકમ્પોઝ અવસ્થામાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે.માછીમારને માછીમારી દરમિયાન મૃતદેહ નજરે પડતા તેણે તાત્કાલિક તંત્રને જાણ કરી હતી. ઘટનાની જાણ મળતા ફાયર વિભાગ અને પોલીસની ટીમ તરત જ સ્થળ પર પહોંચી હતી. ફાયર બ્રિગેડે યોગ્ય કાર્યવાહી સાથે મૃતદેહને બહાર કાઢ્યો હતો. ત્યારબાદ પોલીસે મૃતદેહનો કબજો લીધો અને આગળની કાર્યવાહી શરૂ કરી છે.ગ્રામ્ય પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જણાવ્યું કે, બાળકીના હાલતને જોતા તેનું મૃત્યુ એક દિવસ અગાઉ થયું હોય તેવી શક્યતા છે.

## જૂનાગઢમાં યુવાનને ખંડણી માટે દબાણ, આત્મહત્યા કેસમાં ત્રીજી મહિલા આરોપી ઝડપાઈ

। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૨ ।

જૂનાગઢ જિલ્લામાં અગતરાય ગામના એક યુવાનને ખંડણી માટે દબાણ કરવામાં આવ્યું હોવાની ઘટના બની છે. કેશોદ પોલીસે મૃતકની સ્યુસાઈડ નોટના આધારે ત્રીજી મહિલા આરોપીને પણ ઝડપીને કોર્ટ સમક્ષ રજુ કરવાની કાર્યવાહી હાથધરીછે.મળતીમાહિતીઅનુસાર, મૃતક યુવાન પાસે સમાધાન માટે રૂ. ૧૦ લાખની ખંડણી માગવામાં આવી હતી. ખંડણી આપવાના સતત દબાણ અને માનસિક ત્રાસને કારણેયુવાનેઅંતેઆત્મહત્યાનોમાર્ગ પસંદ કર્યો હતો. મૃતક દ્વારા લખાયેલી સ્યુસાઈડ નોટમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે, ત્રણ લોકો તેને ખંડણી માટે દબાણ કરી રહ્યા હતા. આ કારણે તેના પર ભારે માનસિક દબાણ આવ્યું અને તે આત્મહત્યાને મજબૂર થયો. આ આધારે કેશોદ પોલીસે ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધ્યો હતો.મૃતકની પત્ની અને સસરાને આ પહેલા જ પોલીસે અટકાયત કરી લીધી હતી.

## સુરતના નેશનલ હાઈવે નંબર ૪૮ પર ઉદ્યોગકારોનું આંદોલન રસ્તો બ્લોક કરાયો

। પ્રતિનિધિ, સુરત,તા.૨ ।

શુભમ ઈન્ડસ્ટ્રીઝના ઉદ્યોગકારોએ આજે સુરતના પીપોદરા વિસ્તારમાં નેશનલ હાઈવે નંબર ૪૮ પર રસ્તો બ્લોક કર્યો હતો, જેના કારણે શક્તિ હોટલ પાસે ભારે ટ્રાફિક જામ થયો હતો.આ આંદોલન બાદ હાઈવે પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી, જેના કારણે મુસાફરો અને સ્થાનિક લોકોને ઘણી મુશ્કેલી પડી હતી.

સુરતની શુભમ ઈન્ડસ્ટ્રીઝના ઉદ્યોગકારોએ હાઈવે બ્લોક કરવાનું પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે, જેનું મુખ્ય કારણ સ્થાનિક ઉદ્યોગોને લગતી સમસ્યાઓ અને સરકારી નીતિઓનો વિરોધ હોવાનું માનવામાં આવે છે.જોકે, આંદોલનના ચોક્કસ કારણો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી. ઉદ્યોગકારોએ શક્તિ હોટલ પાસે રસ્તો બ્લોક કરીને સરકાર સુધી પોતાની માંગણીઓ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો.

ઘટનાની જાણ થતાં જ સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ અને સ્થાનિક પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે આંદોલનકારીઓ સાથે વાત કરીને મામલો શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેસીબી મશીનની મદદથી હાઈવે પર બનાવેલો કાપ ખોલવામાં આવ્યો હતો અને થોડી જ વારમાં રસ્તો ફરીથી ખોલવામાં આવ્યો હતો.

### ગણપતિ મહોત્સવ અંતર્ગત દાહોદમાં ઠેર ઠેર ગણેશ સ્થાપના કરવામાં આવી

# દાહોદના ગણેશ પંડાલમાં ઓપરેશન સિંદૂરની જીવંત ઝાંખી । યુદ્ધ સામગ્રીની સુંદર કૃતિઓ પ્રદર્શિત

। પ્રતિનિધિ, દાહોદ, તા.૨ ।

ગણપતિ મહોત્સવ અંતર્ગત દાહોદમાં ઠેર ઠેર ગણેશ સ્થાપના કરવામાં આવી છે. સાથે જ મંડળો દ્વારા અલગ અલગ ઝાંખી પણ બનાવવામાં આવી છે. ત્યારે દાહોદ યાદવ ચાલ યુવક મંડળ દ્વારા ઓપરેશન સિંદૂરની જીવંત પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી છે. સેનાએ કઈ રીતે ઓપરેશન પાર પાડ્યું તેની ઝાંખી જોઈ લોકો મંત્રમુગ્ધ થાય છે.તાજેતરમાં થયેલા પહેલગાવ આતંકી હુમલાથી સમગ્ર વિશ્વમાં હાહાકાર મચ્યો હતો. આતંકવાદીઓના હુમલા બાદ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર અંતર્ગત આતંકવાદી ઠેકાણા નેસ્તનાબુદ કર્યા હતા. તેમજ પાકિસ્તાન સેનાના જેટ અને ડ્રોનને



આકાશમાં જ તોડી પાડી ભારતીય સેનાએ પહેલગાવ હુમલાનો જડબાતોડ જવાબ આપ્યો હતો. ત્યારે આ વખતે ગણેશ મહોત્સવમાં પણ ઓપરેશન સિંદૂરની બોલબાલા જોવા મળી રહી છે.

યાદવ ચાલ યુવક મંડળ દ્વારા સરહદી વિસ્તારોમાં સેના કેવી રીતે કામ કરે છે તેની કૃતિ તૈયાર કરવામાં આવી હતી. પંડાલમાં પ્રવેશની સાથે જ એવો ભાસ થાય છે કે જાણે કોઈ ગુફા અથવા તો બંકરમાંથી પસાર થઈ રહ્યા છીએ. ભારતીય સેના જે હથિયારોનો ઉપયોગ કરે છે તે તમામ યુદ્ધ સામગ્રીની કૃતિઓ તૈયાર કરવામાં આવી છે.

રડાર સીસ્ટમ, ટેંક, રોકેટ લોન્ચર, ડ્રોન તમામ કૃતિઓ તૈયાર કરવામાં આવી છે.

જે પ્રકારે સેના યુદ્ધ લડતી હોય તે પ્રકારના દશ્ય નિર્માણ કરાયું છે. રોકેટ હુમલા, ડ્રોન તોડી પાડવાના હુમલા સહિત તમામ દ્રશ્યોની જીવંત કૃતિઓ રજૂ કરાઈ છે. ભક્તો પંડાલમાં પ્રવેશ કરે એટલે પ્રોજેક્ટરના માધ્યમથી પરદા ઉપર ઓપરેશન સિંદૂરની શોર્ટ ફિલ્મ દર્શાવ્યા બાદ કૃતિઓના માધ્યમથી ઓપરેશન સિંદૂરનું દશ્ય દર્શાવવામાં આવ્યું હતું.

ગણપતિ મહોત્સવ અંતર્ગત દાહોદમાં ઠેર ઠેર ગણેશ સ્થાપના કરવામાં આવી છે. સાથે જ મંડળો દ્વારા અલગ અલગ ઝાંખી પણ બનાવવામાં આવી છે.

## જુનાગઢની આલ્ફા ઇન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં ૧૭ વર્ષીય વિદ્યાર્થી પર હુમલો

। પ્રતિનિધિ, જુનાગઢ, તા.૨ ।

જુનાગઢ શહેરમાં આવેલી આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં ધોરણ ૧૧માં અભ્યાસ કરતા ૧૭ વર્ષના વિદ્યાર્થી પર અન્ય વિદ્યાર્થીએ ઢોર માર માર્યો હતો. આ ઘટના લગભગ એક મહિના પહેલાં બની હતી, પરંતુ તેનો વીડિયો હાલમાં સોશિયલ મીડિયા પર વાયરલ થતાં વાલીઓ અને સ્થાનિક સમુદાયમાં ભારે રોષ ફેલાયો છે. આ ઘટનાએ સ્કૂલના વહીવટ અને હોસ્ટેલની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટના આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં બની, જ્યાં એક વિદ્યાર્થીએ ૧૭ વર્ષના સહપાઠી પર હુમલો કરી તેને ઢોર માર માર્યો. આ ઘટનાનો વીડિયો, જે હવે સોશિયલ મીડિયા પર ફરી રહ્યો છે, જોતાં વાલીઓમાં આઘાત અને ગુસ્સો જોવા મળી રહ્યો છે. આ વીડિયોમાં હુમલાની ગંભીરતા સ્પષ્ટ દેખાય છે, જેના કારણે ઘટના વધુ ચર્ચામાં આવી છે.આ ઘટનાને લઈને સૌથી ગંભીર આરોપ એ છે કે સ્કૂલ પ્રશાસને આ ઘટનાને લગભગ એક મહિના સુધી દબાવી રાખી અને વાલીઓ કે અન્ય સત્તાધિકારીઓને આ અંગે કોઈ જાણકારી આપી નહીં.

## રાજકોટમાં રમતાં રમતાં ચાર વર્ષનું બાળક પાણીની ટાંકીમાં પડ્યું, મોત નીપજ્યું

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨ ।

શહેરમાં માતા-પિતા માટે લાલબત્તી સમાન કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. રાજકોટ શહેરના યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાણાવટી ચોક પાસે આવેલી આવાસ યોજનામાં ચાર વર્ષીય બાળક પાણીમાં પડી ગયો હતો. જે બાદ તેનું મોત નીપજ્યું છે. હાલ આ અંગે સ્થાનિક પોલીસે તપાસ શરૂ કરી છે.શહેરના નાણાવટી ચોક પાસે આવેલી આવાસ યોજનાના એક ઘર પાસે ચાર વર્ષનું બાળક રમી રહી હતી. આ દરમિયાન પાણીના ટાંકામાં પડી જવાના કારણે માસૂમનું મૃત્યુ થયું છે. બનાવ સંદર્ભે યુનિવર્સિટી પોલીસ દ્વારા બી.એન.એસ.એસની કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોત રજીસ્ટર્ડ કરવામાં આવી છે.સમગ્ર મામલે ચાર વર્ષીય માસૂમ બાળક પિતા રાહુલ અઘારા દ્વારા મીડિયા સાથેની વાતચીતમાં જણાવવામાં આવ્યું હતું કે, સંતાનમાં પોતાને બે જેટલા દીકરાઓ છે. સોમવારના રોજ બહાર જવાનું હોવાથી સૌ પ્રથમ મોટા દીકરાને તૈયાર કરવામાં આવ્યો હતો. તેમજ ત્યારબાદ તે પાડોશમાં રહેતા સંબંધીને ત્યાં ગયો હતો. તે અરસામાં નાના દીકરાને તૈયાર કરવાનો હતો. પરંતુ તે ઘરની આસપાસથી ક્યાંય મળી આવ્યો ન હતો. પરિવારને એમ હતું કે દીકરો સંબંધીને ત્યાં ગયો છે. પરંતુ શોધખોળ દરમિયાન જાણવા મળ્યું હતું કે, દીકરો રમતાં રમતાં પાણીના ખુલ્લા ટાંકામાં પડી ગયો છે.




### ગુજરાતના નાગરિકોના હિતમાં રાજ્ય સરકારનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો

# ગુજરાતીઓ માટે રાહત,પ્રતિ યુનિટ વીજળીના ફ્યૂઅલ સરચાર્જમાં ૧૫ પૈસાનો ઘટાડો । લાઈટ બિલ ઓછું આવશે

**રાજ્યના ૧.૭૫ કરોડ ગ્રાહકોને જુલાઈથી સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન આશરે રૂ. ૪૦૦ કરોડથી વધુનો લાભ થશે**





। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨ ।

ગુજરાતના નાગરિકોના હિતમાં રાજ્ય સરકારનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. જે અંતર્ગત નાગરિકોને ઓછા દરે વીજળી પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા જુલાઈ-૨૦૨૫થી ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટે ૧૫ પૈસાનો ઘટાડો કર્યો છે. રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયથી તા. ૦૧.૦૭.૨૦૨૫થી કરેલા વીજ વપરાશ ઉપર તમામ શ્રેણીના વીજ ગ્રાહકો પાસેથી ફ્યુઅલ સરચાર્જ હવે પ્રતિ યુનિટ રૂ. ૨.૩૦ના ઘટાડેલા દરે વસૂલાત કરવામાં આવશે. નોંધનીય છે કે, આ નિર્ણયથી રાજ્યના ૧.૭૫ કરોડ ગ્રાહકોને જુલાઈથી સપ્ટેમ્બર-૨૦૨૫ દરમિયાન આશરે રૂ. ૪૦૦ કરોડથી વધુનો લાભ થશે. જોકે, વીજ નિયમન આયોગ દ્વારા કોઈ ફેરફાર ન થાય ત્યાં સુધી આ દર યથાવત રહેશે.

આ અંગે વધુ માહિતી આપતા રાજ્યના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, ગ્રાહકોને સસ્તી વીજળી ઉપલબ્ધ કરાવવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતાને અનુરૂપ તાજેતરના વર્ષોમાં ફ્યુઅલ અને પાવર પરચેઝ પ્રાઈસ એડજસ્ટમેન્ટમાં નોંધપાત્ર ઘટાડો લાગુ કરવામાં આવ્યો છે, જે વીજ ખરીદ ખર્ચના અસરકારક સંચાલન અને ગ્રાહકો પરનો બોજ હળવો કરવા માટે રાજ્ય સરકારનું સક્રિય અભિગમ દર્શાવે છે.

ઉલ્લેખનીય છે કે, આ પહેલા જાન્યુઆરી ૨૦૨૪થી એક નિર્ણય અમલમાં આવતા ફ્યુઅલ સરચાર્જના દરને પ્રતિ યુનિટ ૫૦ પૈસા ઘટાડીને રૂ. ૩.૩૫થી રૂ. ૨.૮૫ કરવામાં આવ્યો હતો. આ રાહતને વધુ વિસ્તૃત કરતા ઓક્ટોબર-૨૦૨૪થી ફ્યુઅલ સરચાર્જના દરને વધુ ૪૦ પૈસા ઘટાડીને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટ કરવામાં આવ્યો હતો. ત્યાર બાદ હવે વર્ષ ૨૦૨૫-૨૬ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં એટલે કે એપ્રિલથી જૂન-૨૦૨૫ દરમિયાન ફ્યુઅલ સરચાર્જના દરને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટ જાળવી રાખવામાં આવ્યો હતો અને હવે જુલાઈ ૨૦૨૫થી આ વીજ દરમાં ૧૫ પૈસાનો ઘટાડો કરીને ૨.૩૦ રૂપિયા પ્રતિ યુનિટે પહોંચ્યો છે.

વધુમાં ઊર્જા મંત્રી કનુ દેસાઈએ ઉમેર્યું હતું કે, યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદના સંચાલન, સ્થિર વીજ ખરીદના દર તથા મજબૂત નાણાકીય વ્યવસ્થાપન તેમજ નોંધપાત્ર માળખાકીય કામગીરીમાં સુધારા અને દેખરેખ દ્વારા ટેકનિકલ અને વાણિજ્યિક લોસમાં ઘટાડાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા પ્રવર્તમાન ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટે ૧૫ પૈસા ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. ગુજરાતના નાગરિકોના હિતમાં રાજ્ય સરકારનો વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. જે અંતર્ગત નાગરિકોને ઓછા દરે વીજળી પૂરી પાડવા માટે રાજ્ય સરકાર દ્વારા જુલાઈ-૨૦૨૫થી ફ્યુઅલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટે ૧૫ પૈસાનો ઘટાડો કર્યો છે.

### ૪ લોકો હજુ પણ ફરાર

## ભાવનગરમાં બે વર્ષથી સોલાર કેબલ વાયરની ચોરી કરતી ટોળકી ઝડપાઈ

। પ્રતિનિધિ, ભાવનગર,તા.૨ ।

ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષથી સોલાર પાવર પ્લાન્ટમાં ચોરીના બનાવો બનતા હતા, જેના પગલે ફરિયાદો પણ નોંધાઈ હતી, ત્યારે ભાવનગરની પેરોલ ફર્લો સ્ક્વૉડ દ્વારા મળેલી બાતમીને પગલે ચોરી કરતી ટોળકીના છ સાગરીતોને ઝડપી લેવામાં પોલીસને સફળતા મળી છે. જોકે, આ ટોળકી સાથે સંકળાયેલા વધુ ૪ શખ્સ પોલીસ પકડથી દૂર છે.

ભાવનગર પેરોલ ફર્લો સ્ક્વૉડ દ્વારા પેટ્રોલિંગ દરમિયાન સોલાર પેનલના કેબલ વાયરની થતી ચોરીને પગલે છ જેટલા શખ્સોને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે ભરત ડુંગરસિંહભાઈ વાઘેલા, લાલજી ઉર્ફે લાલો કલ્યાણભાઈ ચૌહાણ, અજય ઉર્ફે અજયો પ્રવીણભાઈ ડાભી, પરેશ બાબુભાઈ મકવાણા, નિલેશ ઉર્ફે નીલુ ઉર્ફે ઘુઘો રાજુભાઈ રાઠોડ અને રાધેશ ઉર્ફે રાધે ઘુઘાભાઈ વાઘેલાને ઝડપી લીધા છે. જ્યારે આ ગુન્હામાં વધુ ચાર શખ્સોના નામ પણ ખુલવા પામ્યા છે.

પેરોલ ફર્લો સ્કોર્ડ દ્વારા છ શખ્સોને ઝડપી લીધા બાદ તેમની પાસેથી સ્ટીલની ધાતુની નાની મોટી ટાંકીઓ, સોલાર પેનલનો કનેક્ટર કેબલ વાયર, રોકડ, બોલેરો પીકપ ગાડી, વધુ એક બોલેરો પીકપ ગાડી, વાયર કાપવાના લોખંડની નાની મોટી કટર, મોબાઈલ મળીને કુલ ૧૦,૧૭,૬૦૦ નો મુદ્દામાલ કબ્જે લીધો છે. આ સાથે વલભીપુર તાલુકામાં સોલાર પેનલના કેબલ વાયર, લોખંડના સળિયાની ભારીની પણ કબૂલાત આપી છે.

## આણંદમાં આંધ્રપ્રદેશ પોલીસ પર હુમલો : ૨ કિલો સોનાની ચોરીની તપાસ દરમિયાન હુમલો

। પ્રતિનિધિ, આણંદ, તા.૨ ।

આણંદ શહેરના ગ્રીડ ચોકડી વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના બની, જ્યાં આંધ્રપ્રદેશ પોલીસની ટીમ પર સ્થાનિક લોકોએ હુમલો કર્યો. આ ઘટના ૨ કિલો સોનાની ચોરીના કેસની તપાસ માટે આણંદ આવેલી આંધ્રપ્રદેશ પોલીસની ટીમ સાથે બની. પોલીસ સૂત્રો અનુસાર, આંધ્રપ્રદેશથી આવેલા પાંચ પોલીસકર્મીઓ એક આરોપીને પકડવા માટે આણંદના ગ્રીડ ચોકડી વિસ્તારમાં પહોંચ્યા હતા. જોકે, તેમણે સ્થાનિક આણંદ પોલીસને આ અંગે કોઈ માહિતી આપી ન હતી, જેના કારણે ગેરસમજ સર્જાઈ.સ્થાનિક લોકોએ આંધ્રપ્રદેશ પોલીસની ટીમને અપહરણ કરવા આવેલા લોકો સમજી લીધા અને તેમના પર હુમલો કરી દીધો. આ હુમલામાં એક પોલીસકર્મીને ગંભીર ઈજાઓ પહોંચી, જ્યારે અન્ય ચાર પોલીસકર્મીઓને સામાન્ય ઈજાઓ થઈ. ઘાયલ પોલીસકર્મીઓને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા.ઘટનાની જાણ થતાં આણંદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો.

## બોગસ ખેડૂત બાદ હવે એક નવો વિવાદ ; સોશિયલ મીડિયામાં ટીકા કરનારા યુવાનને 'એ ડફોળ કહી ખખડાવ્યો

। પ્રતિનિધિ, હિંમતનગર, તા.૨ ।

ગાંધીનગરના પાલજમાંથી બોગસ ખેડૂત બનીને પોતાના મતવિસ્તાર ઈડરમાં ખેતીની જમીન ખરીદ્યા અને પછી તેની સોદાબાજી કરી હોવાની ફરિયાદ મામલે ચાલી રહેલી તપાસ વચ્ચે ભાજપના ધારાસભ્ય રમણલાલ વોરા એક નવા વિવાદમાં ફસાયા છે. સોશિયલ મીડિયા પર ઈડરના જ એક યુવકે કરેલી ટીકાના જવાબમાં પૂર્વ મંત્રી અને વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરાએ આ યુવકને વોટ્સએપ કોલ કરીને તો ખખડાવ્યો જ, પરંતુ વોટ્સએપ ચેટમાં પણ અયોગ્ય ભાષાનો ઉપયોગ કર્યો.

આ વાત વોરાએ યુવકને લખતા તેના સ્ક્રીનશોટ અને ઓડિયો રેકોર્ડિંગ સોશિયલ મીડિયા પર વાઈરલ થયા છે. આ વિવાદના મૂળમાં થોડા મહિના અગાઉ સાબર ડેરીના ચેરમેન શામળ પટેલ સામે થયેલું પશુપાલકોનું આંદોલન હોવાનું જણાઈ આવે છે. ઈડરના આશુતોષ રેવાભાઈ રાઠોડ નામના યુવકે આ આંદોલન દરમિયાન સ્થાનિક ધારાસભ્ય તરીકે રમણલાલ વોરાની ભૂમિકાને લઈને ટીકા કરી હતી. વોટ્સએપ ગ્રુપમાં મૂકવામાં આવેલી આ ટીકાવાળી પોસ્ટને ટાંકીને રમણલાલ વોરાએ "આઈટમ બેકાર છે. સાચા નામ અને સાચા ફોટા સાથે પુરુષ હોય તો મેસેજ કરે" એવું લખ્યું હતું.બાદમાં, રમણલાલ વોરાએ આશુતોષ રાઠોડને વોટ્સએપ કોલ કરવાનું શરૂ કર્યું. તેમણે આશુતોષને મેસેજમાં અહીં લખી ન શકાય તેવા શબ્દો પણ લખ્યા હતા. આટલેથી ન અટકતાં તેમણે ફોન પર "હું ૫૨ વર્ષથી રાજકારણમાં છું, ૨૨ વર્ષ મંત્રી રહ્યો, ૧૯૭૫માં ડીવાયએસપી, લોમાં ગોલ્ડ મેડાલિસ્ટ" એમ કહીને પોતાનો સત્તાનો રોફ જમાવ્યો. વોટ્સએપ ચેટમાં "એ ડફોળ..." જેવા શબ્દોનો ઉપયોગ પણ થયો હોવાની સામગ્રી વાઈરલ થતાં ભાજપના આ નેતા ફરીથી વિવાદના કેન્દ્રમાં આવ્યા છે.






તંત્રી લેખ...

# પ્રદુષણ રોકવા પહેલ

વાયુ પ્રદુષણને લઈને પારસ્પરિક વધારે સારી સમજ ઉભી કરવા અને વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો ખુબ નજીકના અંતરથી કામ કરી રહ્યા છે. જો કે અમેરિકાનુ સૌથી મોટી યોગદાન તેના દ્વારા ભુતકાળમાં કરવામાં આવેલા સંઘર્ષને લઈને હોઈ શકે છે. જો અમેરિકાના સંઘર્ષથી ભારત શિખી શકશે તો લાભ વહેલી તકે થશે. અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે. અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે. સાથે સાથે ટોપના સાધન પણ છે. જે વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી શકે છે. જેમાં કે સ્ક્રબર છે. જે તાપ વીઝળી સાધનો અને ઉપકરણોમાંથી નિકળનાર ઉત્સર્જનના પ્રમાણને ઘટાડી દે છે. એવા સાધનો પણ ઉપયોગી રહે છે જે ડિઝલના વાહનોમાં રેટ્રોફિટ થઈ જાય છે. સાથે સાથે ઉત્સર્જન ઘટાડી નાંખે છે. આ ઉપરાંત પણ અતિ આધુનિક ઈલેકટ્રિક વાહન ટેકનોલોજી છે. અમારા વૈજ્ઞાનિકો અમેરિકાના વૈજ્ઞાનિકો સાથે મળીને કામ કરી રહ્યા છે. અમેરિકાના નિષ્ણાંતો પણ એક બાબત તો કબુલ કરે છે કે ભારતીય લોકો અને સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. વાયુ પ્રદુષણને ઘટાડી દેવામાં આવનાર દિવસોમાં મદદ મળી શકે છે. ભારત વાયુ પ્રદુષણને રોકવા માટે સતત પ્રયાસરત છે. ભારત દ્વારા સ્થાનિક ડેટા પર ભાર મુકે છે. જેના આધાર પર નક્કર ઉકેલ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા આ દિશામાં ભારતને સહાયતા કરવા માટે તૈયાર છે. અમેરિકા પણ માને છે કે પોતાના સમૃદ્ધ ભવિષ્ય માટે ભારત પણ સ્વસ્થ રહે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ કેટલા હદ સુધી ખતરનાક બને છે તેના પુરવા વારંવાર અભ્યાસ મારફતે મળતા રહે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેક્શન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે.

# ફિટ રહેવા રોજ ૨૨ મિનિટ ચાલો

આમાં કોઈ શંકા નથી કે આપ હેલ્થી અને બિમારીથી દુર રહેવા માટે ઈચ્છુક છો તો પોતાની નિષ્ક્રિય લાઈફસ્ટાઈલને છોડી દેવી પડશે. પોતાની ગતિહીન લાઈફસ્ટાઈલને ત્યાગીને એક્ટિ લાઈફસ્ટાઈલ અપનાવવાની સ્થિતીમાં જીવન બદલાઈ શકે છે. વધારે ફિટ અને સ્વસ્થ રહી શકાય છે. માત્ર એક ફેરફાર કરીને આપ હાર્ટ સાથે સંબંધિત બિમારી, સ્ટ્રોક, ડાયાબિટીસ અને કેન્સર જેવી બિમારીને દુર રાખી શકાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે એક્ટિવ લાઈફસ્ટાઈલ માટે આપને દિવસભર જીમમાં પરસેવો વહેડાવવાની કોઈ જરૂર નથી. દરરોજ માત્ર ૨૨ મિનિટ સુધી વોકિંગ કરવામાં આવે તો પણ સારા પરિણામ મળી શકે છે. ૨૨ મિનટ સુધી રોજ ચાલવાથી આરોગ્યને જાળવી શકાય છે. અમેરિકન જર્નલ ઓફ પ્રિવેન્ટિવ મેડિસીનમાં પ્રકાશિત કરવામાં આવેલા અભ્યાસના પરિણામ હવે જાહેર કરવામાં આવ્યા છે. જે દર્શાવે છે કે દરરોજ ૩૦ મિનિટ સુધી વોકિંગ ખુબ ફાયદાકારક છે. આના કારણે મોતની શંકા ૨૦ ટકા સુધી ઘટી જાય છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે વોકિંગ ખુબ સરળ અને પરફેક્ટ કસરત સમાન છે. ૧૩ વર્ષ સુધી વ્યપાક અભ્યાસ કર્યા બાદ આના તારણ જારી કરવામાં આવ્યા છે. વોકિંગ સરળ કસરત છે. કારણ કે તે એક સિમ્પલ એક્શન છે. જે સંપૂર્ણ રીતે ફ્રી છે. તેના માટે કોઈ પણ પ્રકારના સાધનની જરૂર હોતી નથી. તાજેતરમાં જ કરવામાં આવેલા અન્ય એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. અભ્યાસમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટે જ કરવામાં આવે છે...

**શું આપની ઓફિસમાં ક્લાઈન્ટ નિયમિત રીતે આવે છે જો નહીં તો ઓફિસને એ જગ્યાએ રાખવી જોઇએ જ્યાં ભાડુ ઓછુ હોય છે અને ખર્ચ ઘટી શકે છે એટલે કે કોઇ પ્રાઇમ સ્થળના બદલે થોડીક ઓછી પ્રાઇમ જગ્યાએ ઓફિસ રાખી શકાય છે**

# આ ખર્ચ પર બ્રેક મુકી બચત કરો

**કેટલીક વખત એવા ખર્ચ થઇ જાય છે જેની જરૂર હોતી નથી : ૮૨ ટકા નાના કારોબાર ફ્લોપ થઇ જવા માટેનુ મુખ્ય કારણ કૈશ ફ્લો હોય છે**

કોઈ પણ પ્રકારના બિઝનેસને ચલાવવા માટેની બાબત સરળ હોતી નથી તે હમેંશા પડકારરૂર હોય છે. સૈલરી, ઓફિસ ભાડા, મેન્ટેનન્સ સહિતના ખર્ચ કંપનીના ખર્ચને અનેક ગણા સુધી વધારી દે છે. પ્રિન્ટિંગ કોસ્ટ હમેંશા દરેક કંપનીને મોટા ખર્ચ કરવા પર મજબુર કરે છે. પેપર ઈન્ક અન મશીનના મેન્ટેનન્સમાં જંગી નાણાં લાગે છે. સાથે સાથે કર્મચારી પણ પોતાના કિંમતી સમય પ્રિન્ટર સાથે સંબંધિત મુદ્દાને લઈને ડીલ કરવામાં ખરાબ કરે છે. જેથી જેટલુ બની શકે તેટલા ઓછા પ્રમાણમાં પેપરના ઉપયોગની જરૂર રાખવી જોઈએ. પેપર વર્કને લઈને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોન્ટ્રાક્ટ સાઈન કરવા માટે પણ ઓનલાઈન સિગ્નેચર સર્વિસેસનો ઉપયોગ કરી શકાય છે. જો કાગળના બદલે ટેકનોલોજીનો ઉપયોગ વધારે કરવામાં આવશે તો આપની શ્રેણીબદ્ધ સમસ્યાનો એમ જ દુર થઈ શકે છે. આઉટ ઓફ ટાઉફન કોન્ફરન્સ કરવામાં હમેંશા ખર્ચ ખુબ વધારે કરવામાં આવે છે. જેથી આ કોસ્ટને હમેંશા માટે ઘટાડી દેવા માટે કોઈ સારા વેબ કોન્ફરન્સ સોફ્ટવેરમાં ઈન્વેસ્ટ કરી શકાય છે. જેની મદદથી કોઈ પણ સમય દુનિયામાં કોઈ પણ જગ્યાએ કોઈ વ્યક્તિ સાથે ફેસ ટુ ફેસ વાત કરી શકો છો. ટ્રાવેલિંગને બિલકુલ છોડી દેવામાં આવે તો પણ તેનાથી બચત થાય છે. જ્યાં મોટા ફાયદા થઈ રહ્યા છે ત્યાં ચોક્કસપણે જવાની જરૂર હોય છે પરંતુ ટ્રાવેલિંગ ઓચા પ્રમાણમાં કરવામાં આવે તેવી સલાહ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી રહી છે. જે કામોને ફોલોઅર્સથી કરાવી



શકાય છે તે કામ માટે સ્ટાફ રાખવાની ભુલ ક્યારેય કરવી જોઈએ નહી. કેટલીક વખત મહિનામાં બે ચાર કામ જ હોય છે જેને ફોલોઅર્સથી સરળતાથી કરાવી શકાય છે. તેના માટે સ્ટાફ રાખવાની કોઈ જરૂર હોતી નથી. જો કે ફોલોઅર્સની પસંદગી કરત વેળા ક્વાલિટી પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી હોય છે.

સારા ફોલોઅર્સ સારા પૈસા માંગે છે પરંતુ કામ પણ સારી ક્વાલિટી સાથે કરતા રહે છે. જે ખરાબ કામને ફરીથી કરવાના બદલે વધારે યોગ્ય છે. ફ્રી લાન્સર્સના કારણે આપને ઓફિસમાં પણ થતા નાના મોટા ખર્ચમાંથી મુક્તિ મળી જાય છે. વર્તમાન સમયમાં મોટી મોટી કંપનીઓ ફ્રી લાન્સર્સ મારફતે આગળ વધી રહી છે. કોઈ પણ બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટેના ઈરાદા સાથે જ કરવામાં આવે છે. પરંતુ કેટલીક વખત એવા ખર્ચ થઈ જાય છે જે ખર્ચની ખરેખર જરૂર હોતી નથી. થોડાક દિવસ પહેલા બિઝનેસ ઈન્સાઈડરના કહેવા મુજબ ૮૨ ટકા નાના કારોબાર એટલા માટે ફ્લોપ થઈ જાય છે કે તેમની પાસે કેશ ફ્લોની વ્યવસ્થા થઈ શકતી નથી. જો તમે પણ કોઈ નાના કારોબાર સાથે જોડાયેલા છો તો આપને કોઈ પણ કિંમતમાં કમજોર કેશ ફ્લોથી બચવાની જરૂર છે. જો કે ખર્ચ કરવાની બાબત સરળ હોતી નથી. કયા ખર્ચ જરૂરી છે અને કયા ખર્ચ જરૂરી નથી તે બાબત પર ધ્યાન આપીને ખર્ચ પર બ્રેક મુકી શકાય છે. જરૂરી ખર્ચના કારણે પૈસા કમાવવામાં આવે છે જ્યારે બિનજરૂરી ખર્ચના કારણે નાણાંનો બગાડ થાય છે. જેથી બિઝનેસ શરૂ કરવાની સાથે જ આપને આ બાબત જાણી લેવાની જરૂર હોય છે કે આપના કંપનીનો ખર્ચ કઈ રીતે વધી શકે છે. બિનજરૂરી ખર્ચને ઘટાડીને સરળતાથી નફાની દિશામાં આગળ વધી શકાય છે. મોટા સર્વિસ પ્રોવાઈડર્સ હમેંશા નાના કારોબારને એઅજ ચીજનો ઉપયોગ કરવાની ફરજ પડે છે જે તે ઓફર કરે છે. જ્યારે સામાન લોકલ ઓપ્શન પોતાની સર્વિસ માં આપની જરૂરિયાત મુજબ બદલાવ લાવી દે છે. જેથી જે મોટી કંપની સાથે આપની ડિલિગ છે તેમની યાદી તૈયાર કરવાની જરૂર હોય છે.

યાદી તૈયાર કરવામાં આવ્યા બાદ લોકલ કંપનીની લિસ્ટિંગ સાથે મેચ કરવામાં આવે તે જરૂરી છે. આના કારણે પણ લાભ થઈ શકે છે. શુ આપની ઓફિસમાં ક્લાઈન્ટ નિયમિત રીતે આવે છે. જો નહીં તો ઓફિસને એ જગ્યાએ રાખવી જોઈએ જ્યાં ભાડુ ઓછુ હોય છે અને ખર્ચ ઘટી શકે છે. એટલે કે કોઈ પ્રાઈમ સ્થળના બદલે થોડીક ઓછી પ્રાઈમ જગ્યાએ ઓફિસ રાખી શકાય છે. કંપનીના ખર્ચને કાબુમાં લેવા માટે આ બાબત ખુબ ઉપયોગી હોય છે. પોતાના કર્મચારીને વર્ક ફ્રોમ હો અથવા તો રિમોટ વર્કની સુવિધા પણ આપી શકાય છે. ઓફિસ નાની હોવાથી ભાડુ ઓછુ રહેશે. વીજળી, પાણી અને અન્ય ખર્ચ પર પણ બ્રેક મુકી શકાશે. તમામ બાબતોને ધ્યાનમાં લઈને આગળ વધવુ જોઈએ.



નવી ચર્ચા :ત્રાસવાદને રોકવા માટે કેટલાક અન્ય વિકલ્પ છે

**ત્રાસવાદી હુમલા બાદ કેટલીક બાબતો નક્કરપણે સપાટી પર આવી છે જેના તરફ ધ્યાન આપવામાં આવે તો કેટલાક અંશે ત્રાસવાદીઓને અને ત્રાસવાદી હુમલાને રોકી શકાય છે**

# સરહદે ખાસ વસવાટ ગોઠવી શકાય

**ઘુસણખોરી માટે સૌથી સરળ રસ્તો અંકુશ રેખા અથવા તો એલઓસી છે : કલમ ૩૭૦ને નાબુદ કર્યા બાદ ત્રાસવાદનો ખાતમો સરળ રીતે થઇ શકે**

દેશમાં જ્યારે પણ કોઈ ભીષણ ત્રાસવાદી હુમલા થાય છે ત્યારે કેટલીક નવી બાબત સપાટી પર આવે છે અને ત્રાસવાદી હુમલાને રોકવા માટે કયા પગલા લેવામાં આવે તેને લઈને ચર્ચા છેડાઈ જાય છે. હવે જ્યારે જમ્મુ કાશ્મીરમાં સતત નવા નવા ત્રાસવાદી હુમલા થઈ રહ્યા છે ત્યારે ઘુસણખોરીને રોકવા માટે કયા પગલા લેવામાં આવે તેની ચર્ચા છેડાઈ ગઈ છે. ત્રાસવાદી હુમલા બાદ કેટલીક બાબતો નક્કરપણે સપાટી પર આવી છે. જેના તરફ ધ્યાન આપવામાં આવે તો કેટલાક અંશે ત્રાસવાદીઓને અને ત્રાસવાદી હુમલાને રોકી શકાય છે.

આ દિશામાં વિચારણા ચોક્કસપણે ચાલી રહી છે. આ તો નક્કર વાસ્તવિકતા છે કે તમામ ત્રાસવાદીઓ એલઓસી મારફતે જ આવે છે. સરહદ પર તો ખુબ મજબુત સુરક્ષા વ્યવસ્થા છે. બેરિકેડિંગ પણ છે. જેથી ત્યાંથી ઘુસણખોરીથી ખુબ મુશ્કેલ છે. ઘુસણખોરી માટે સૌથી સરળ રસ્તો અંકુશ રેખા અથવા તો એલઓસી છે. કલમ ૩૭૦ને નાબુદ કરી દેવામાં આવ્યા બાદ સરહદ પર એવી વસવાટ સ્થાપિત કરવામાં આવે જે કેટલાક અંશે સાવધાન રહેતી હોય સાથે સાથે ઘુસણખોરીને રોકવા માટે સક્ષમ પણ હોય. દાખલા તરીકે સરહદ પર સેવામાંથી નિવૃત થયેલા લોકોને વસાવી દેવા જોઈએ. જે નાની વયમાં નિવૃત થયા છે તે જવાનોને સૌથી પહેલા તૈનાત કરી દેવા જોઈએ. આખરે કાશ્મીર ભારતનો હિસ્સો છે.

કાશ્મીરમાં જઈને બીજા ભારતીય લોકો નહી શકે નહી તેવી કોઈ મજબુરી નથી. તો બીજા લોકો કેમ જઈને ન રહે. બીજા ભારતીય લોકો કાશ્મીરમાં જઈને રહેવા લાગે તેમાં કાંઈ ખોટુ નથી. આખરે પાકિસ્તાન તો અધિકૃત કાશ્મીરમાં મન ફાવે તેવુ કામ કરી રહ્યું છે. તો ભારત પોતાના પગ પર કુહાડી કેમ મારે છે. આખરે ભારતની એવી કેવી મજબુરી છે કે કાશ્મીરીને મુસ્લિમ બહુમતિ સાથેના રાજ્ય તરીકે જ રાખવામાં આવે. હાલના ત્રાસવાદી હુમલા અંગે અમે સીધી રીતે હજુ



સુધી કોઈ વાત કરવાની સ્થિતીમાં નથી. અમારી ગુપ્તચર સંસ્થાઓની ખામી રહી છે કે કેમ તે અંગે વાત કરવી યોગ્ય રહેશે નહી. કારણ કે ભારત-પાકિસ્તાન સરહદ પંજાબ તરફ પણ ખુબ મોટી છે. આ વાત પણ વાસ્તવિક છે કે ગુપ્તચર સંસ્થાએ માહિતી આપી હતી કે ત્રાસવાદી હુમલો થઈ શકે છે. પરંતુ હુમલો ક્યાં થઈ શકે છે અને ક્યારે થશે તે અંગે વાત કરવી યોગ્ય નથી. અમારી સરહદ પર અર્ધલશ્કરી દળ તૈનાત છે. જેમની જવાબદારી તેમના અધિકારીઓના બદલે પોલીસના હાથમાં હોય છે. અર્ધલશ્કરી દળમાં સીધી રીતે નિમણૂક પામેલાની તકોમાં કમી આવવાથી તેમના ટેન્શનમાં વધારો થાય છે. જો કે આવી કોઈ કામી રહી છે કે કેમ તે અંગે વાત કરવી હાલમાં યોગ્ય નથી. અંકુશ રેખા પર યોગ્ય વસવાટ ગોઠવીને કેટલીક સમસ્યાનો તો પોતાની રીતે જ ઉકેલ લાવી શકાય છે. પૂર્વ જવાનોને તેમના પરિવાર સાથે ગોઠવી શકાય છે.

# શિક્ષણ જોકે આજીવિકા અને તેના દ્વારા જરૂરિયાતની પૂર્તિનું સાધન છે

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કુલ સ્વીકૃત શૈક્ષણિક પદોના દસ ટકા સુધી 'પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ'ની નિયુક્તિની યોજના બહુ જ તાર્કિક છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ અંતર્ગત બનેલી આ યોજના જ્ઞાન, અનુભવ અને કૌશલ્યની મહત્તા આપ નારી છે. એન્જિનિયરિંગ, વિજ્ઞાન, મીડિયા, સાહિત્ય, ઉદ્યમ, સમાજ વિજ્ઞાન, લલિત કલા, નાગરિક સેવા અને સૈન્ય દળોના વ્યાવસાયિક જ્યારે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ નિયુક્ત કરાશે તો જ્ઞાનનું વિઉપનિવેશીકરણ થશે. ૧૯મી સદીમાં મેકોલીની શિક્ષણ નીતિએ જ્ઞાનનું સંસ્થાનીકરણ કરી તેને પશ્ચિમમુખી બનાવી દેવામાં આવ્યું હતું અને જ્ઞાનના બિનયુરોપીય સ્રોતની અવગણના કરવામાં આવી હતી. ભારતમાં જ્ઞાનના એ સ્રોત બહુ પહેલેથી જ વિદ્યમાન છે. ભારતની જ્ઞાન પ્રણાલીની અવગણના કરીને ભારતમાં બ્રિટિશ રાજ અને તેની શિક્ષણ નીતિનો વિસ્તાર થયો.

અંગ્રેજી શાસનની ભારતીય કલા સંપદા પર કેવી વક્ર દૃષ્ટિ હતી, તેને સખારામ ગણેશ દેઉસ્કરે ૧૯૦૪માં પ્રકાશિત પોતાના પુસ્તક 'દેશેર કથા'માં પ્રમાણો સહિત પ્રસ્તુત કરી છે. તેમણે તેનું વિસ્તારથી વર્ણન કર્યું છે કે અંગ્રેજ વેપારીઓ કઈ રીતે ભારતીય હસ્તકલા અને શિલ્પના અસાધારણ કલાકારો પર પોતાના સ્વાર્થની પૂર્તિ માટે અયોગ્ય દબાણ કરતા હતા અને અવજ્ઞા કરાતાં તેમના અંગૂઠા કે હાથ જ કાપી લેતા હતા. વિભિન્ન ક્ષેત્રોમાં એવી અસાધારણ પ્રતિભા હજુ પણ વિદ્યમાન છે. દેશના વિભિન્ન હિસ્સામાં વિભિન્ન આદિવાસી સમૂહ આજે પણ ખજૂરનાં પાંદડાં, ઘાસ, પથ્થર, લાકડીથી બનેલ દૈનિક ઉપયોગ અને

**પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ બનનારા વ્યાવસાયિક ત્રણ-ચાર વર્ષોના પોતાના સેવાકાળમાં પણ પોતાના અનુભવ, જ્ઞાન અને કૌશલ્યથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યને વધારવામાં બહુ સહાયક થશે**



સજાવટની ચીજો એટલી કલાત્મક રીતે બનાવે છે કે તેમનું ઉન્નત હસ્તશિલ્પ ચકિત કરી દે છે. ભારતીય ચિત્રકલાના બે મુખ્ય પ્રકાર છે. એક, જે પ્રાચીન કાળથી ગામડાંમાં છે. બીજી, આધુનિક કલા. પ્રાચીન કાળથી ચાલી આવતી લોક કલા સામાન્ય જીવનના અનુભવો અને પ્રયોજનો વચ્ચે વિકસિત થતી ગઈ છે. ભારતના સુદૂર ગામડાંમાં દીવાલો પર, કપડા પર એકથી એક ચડિયાતી નક્શીકામ અને કલા જોઈને કોઈને પણ વિસ્મય થઈ શકે છે. પારંપરિક અને આધુનિક બંને કલાઓનું અલગ મહત્ત્વ છે. બંનેએ પોતપોતાના સામાજિક માળખામાં વિકાસ કર્યો છે. પારંપરિક કલાઓએ ગામડાંમાં અને અકાદમિક કલાએ શહેરોમાં. ભારતના સંદર્ભે બંને સત્ય છે અને બંનેના આઈનામાં કલાનું શિક્ષણ ઉપયોગી બની શકે છે. એવી પ્રતિભાઓ પાસે જ્ઞાન, કૌશલ્ય અને અનુભવનો ખજાનો છે, પરંતુ ઉપેક્ષિત રહી ગઈ છે, તેમને પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજના સાથે જોડવાથી તેમની પ્રતિભાનો યોગ્ય ઉપયોગ થઈ શકશે અને તેમના પ્રશિક્ષણમાં છાત્રોના વ્યવસાયિક કૌશલ્યને નિખારવા અને તેમને સંબંધિત ઉદ્યોગ કે વ્યવસાય અનુસાર ઢાળવામાં મદદ મળશે. આ યોજનાથી અનુભવી, યોગ્ય શિક્ષકો અને વિષય વિશેષજ્ઞોની કમી પણ પૂરી થશે. એવા વ્યવસાયિક જેમની પાસે પીએચડી, નેટ કે ઔપચારિક શિક્ષણ નથી, પરંતુ પોતાના વ્યવસાયમાં ૧૫ વર્ષનો અનુભવ છે, તેમણે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ રૂપે એક વર્ષથી લઈને વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી માટે નિયુક્તિ મળી શકે છે. કોઈ વિશેષ મામલે એક વર્ષનો સેવા વિસ્તાર પણ મળી શકે છે. દેખીતું છે કે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ બનનારા વ્યાવસાયિક ત્રણ-ચાર વર્ષોના પોતાના સેવાકાળમાં પણ પોતાના અનુભવ, જ્ઞાન અને કૌશલ્યથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યને વધારવામાં બહુ સહાયક થશે. મહાત્મા ગાંધી પણ આ જ કૌશલ્યના તરફદાર હતા. ગાંધીજી ઈચ્છતા હતા કે બાળકો હાથથી લખવાનું શીખતાં પહેલાં ઓજાર ચલાવવાનું શીખે. તેમના માટે 'હાથની તાલીમ'નો મતલબ એ હતો કે વિદ્યાર્થી એવી વસ્તુઓ બનાવે જે બજારમાં વેચી શકાય.

ગાંધીજી તેની તરફદારી એટલા માટે કરતા હતા, કારણ કે હાથથી કામ કરવાનું કૌશલ્ય જ એ ચીજ છે, જે મનુષ્યને પશુથી અલગ કરે છે. ગાંધીજીને તેનો બોધ હતો કે વિદ્યાર્થીના કામની ગુણવત્તા તેમને સન્માન પણ અપાવશે. સમાજમાં કામની ગુણવત્તા હંમેશાં સન્માનિત થતી રહી છે. શિક્ષણ જોકે આજીવિકા અને તેના દ્વારા જરૂરિયાતની પૂર્તિનું સાધન છે, એવામાં ઉપયોગી હસ્તકલા શીખનારા પોતાની આજીવિકા માટે તેનો આશ્રય લઈ શકે છે અને એ પ્રણાલીથી આત્મનિર્ભર પણ બની શકે છે.

પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ રૂપે કામ કરનારાઓ પાસે એ અપેક્ષા સ્વાભાવિક રહેશે કે તેઓ વિદ્યાર્થીઓને વ્યાવહારિક પ્રશિક્ષણ આપીને તેમને આત્મનિર્ભર બનાવવામાં સહયોગ કરે. સાથે જ ઉદ્યોગોની જરૂરિયાતો અને રાષ્ટ્રની જરૂરિયાતને અનુકૂળ વિદ્યાર્થીઓની અંદર કૌશલનું નિર્માણ કરે. પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજનાની સાર્થકતા એના પર નિર્ભર કરશે કે તે વિદ્યાર્થીને વ્યાવહારિક પ્રશિક્ષણ, કૌશલ્ય અને રોજગારના કેટલા અવસર ઉપલબ્ધ કરાવે છે અને નવી પેઢીને ભવિષ્યમાં આવનારા પડકારો માટે કેટલી તૈયાર કરે છે. આજે શીખવાનું પરિવેશ ઝડપથી પરિવર્તિત થઈ રહ્યું છે. મૌખિકથી લેખિત થઈને આપણે ડિજિટલ દુનિયામાં દાખલ થઈ ગયા છી. તેથી હવે ડિજિટલ દુનિયાને અનુકૂળ વિદ્યાર્થીને કામ શીખવવું પડશે.

ઓનલાઈન શિક્ષણ એક એવો વિકલ્પ છે, જેની હવે ઉપેક્ષા સંભવ નથી. શિક્ષણની પારંપરિક પદ્ધતિઓની સાથે ઉત્તરોત્તર આધુનિક ટેકનિકનો સમન્વય હવે અનિવાર્ય છે, કારણ કે ફક્ત પારંપરિક શિક્ષણ પર ટકેલા રહેવાથી કેટલીય નવી ચીજો છૂટી જશે અને તે શિક્ષણ પણ એકાંગી થઈને રહી જશે. એક અગ્રગામી, ગતિશીલ અને ઉત્તરોત્તર આધુનિક શિક્ષણ પદ્ધતિનો માર્ગ પ્રશસ્ત કરતાં પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજનાએ પોતાની ભૂમિકા અને ઉપયોગિતા સુનિશ્ચિત કરવી પડશે. જરૂરિયાત પ્રમાણે જ્ઞાન મેળવવું, જ્ઞાનના માધ્યમથી વિદ્યાર્થીનો પરિષ્કાર અને જ્ઞાનનો સમ્યક ઉપયોગ સુનિશ્ચિત કરવો સમયની માંગ છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

### ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

### WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

# જમ્મુ અને કાશ્મીરમાં પૂરથી ભારે તબાહી । ૧૦૦ કરોડથી વધુનું નુકસાન






## પીડબ્લ્યુડીને વિભાગના કઠુઆ, સાંબા, જમ્મુ, રિયાસી, ઉધમપુર, કિશ્તવાડ, ડોડા, રાજૌરી, રામબન, પૂંછમાં નુકસાન થયું । કાશ્મીર વિભાગના અનંતનાગ અને કુલગામમાં નુકસાન થયું । કાશ્મીર વિભાગના અન્ય જિલ્લાઓમાં ભૂસ્ખલનની એકાંત ઘટનાઓને કારણે નુકસાન ઓછું થયું । વિભાગે જેસીબી અને ટીપરની મદદથી કાશ્મીર વિભાગમાં રસ્તાઓનું સમારકામ કર્યું

। લોક પત્રિકા ટીમ, જમ્મુ, તા.૨ ।

જમ્મુ અને કાશ્મીરમાં પૂર અને ભૂસ્ખલનને કારણે જાહેર બાંધકામ વિભાગે ભારે નુકસાન થયું છે. ૨૫૦૦ રસ્તાઓ પ્રભાવિત થયા છે. આમાંથી ૬૦% પુનઃસ્થાપિત કરવામાં આવ્યા છે. લગભગ એક હજાર રસ્તા હજુ પણ બંધ છે. મોટાભાગના રસ્તા ગ્રામીણ વિસ્તારોમાં છે. પીડબ્લ્યુડીના મતે, નુકસાન ૧૦૦ કરોડ રૂપિયાથી વધુ હોવાનો અંદાજ છે. જોકે, વિભાગ હજુ પણ મૂલ્યાંકન કરી રહ્યું છે.આમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ છેલ્લા કેટલાક વર્ષોમાં બનેલા નવા રસ્તાઓનો પણ સમાવેશ થાય છે.

અસરગ્રસ્ત રસ્તાઓ પર મોટા પાયે ભૂસ્ખલન થયું છે. કેટલીક જગ્યાએ થાંભલા લપસી ગયા છે. પુલોને પણ નુકસાન થયું છે. આનાથી અવરજવર પર અસર પડી રહી છે.ઘણા વિસ્તારોમાં લોકોને પગપાળા મુસાફરી કરવાની ફરજ પડી રહી છે. પીડબ્લ્યુડી ભારે મશીનો વડે રસ્તાઓ પરથી કાટમાળ દૂર કરી રહ્યું છે.

ભૂસ્ખલનની અસર ઓછી હોય તેવા વિસ્તારોમાંથી મશીનો ખસેડવામાં આવ્યા છે. સૌથી મોટી મુશ્કેલી કાટમાળનો નિકાલ કરવામાં છે.કાટમાળ ઉપાડીને ઘણા કિલોમીટર દૂર લઈ જવો પડશે. તે જ સમયે, વિભાગ નુકસાનનો અહેવાલ તૈયાર કરશે અને તેને કેન્દ્ર સરકારને મોકલશે. આ પછી, કેન્દ્ર તરફથી મળેલા બજેટથી ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું સમારકામ કરવામાં આવશે. જમ્મુ વિભાગમાં સૌથી વધુ નુકસાન થયું છે.

## ચોમાસાએ તબાહી મચાવી, ઘણા રાજ્યો ભારે વરસાદની ઝપેટમાં । જનજીવન ખોરવાઈ ગયું

ચોમાસાની ઝડપી ગતિએ ઉત્તર ભારતના ઘણા રાજ્યોમાં વિનાશ વેર્યો છે. જમ્મુ-કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડથી દિલ્હી-એનસીઆર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પંજાબ સુધી ભારે વરસાદ અને પૂરના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. ભારતીય હવામાન વિભાગે આગામી થોડા દિવસો માટે ઉત્તર પશ્ચિમ ભારત, ખાસ કરીને હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ અને પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં મુશળધાર વરસાદની ચેતવણી જારી કરી છે. ઘણી જગ્યાએ શાળાઓ બંધ જાહેર કરવામાં આવી છે અને ગુરુગ્રામ જેવા શહેરોમાં 'ઘરેથી કામ' કરવા માટે સલાહ આપવામાં આવી છે.દિલ્હીમાં યમુના નદીનું પાણીનું સ્તર ભયજનક નિશાનથી ઉપર ૨૦૫.૩૩ મીટરને પાર કરી ગયું છે. સવારે ૮ વાગ્યે યમુનાનું પાણીનું સ્તર ૨૦૫.૮૦ મીટર નોંધાયું હતું અને એવો અંદાજ છે કે તે રાત્રે ૮ વાગ્યા સુધીમાં ૨૦૬.૪૧ મીટર સુધી પહોંચી શકે છે. સોમવારે હાથિનીકુંડ બેરેજમાંથી ૩.૨૯ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું, જે મંગળવારે દિલ્હી પહોંચ્યું હતું. આ ઉપરાંત, વઝીરાબાદ બેરેજમાંથી ૩૮,૯૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે અને ઓખલા બેરેજમાંથી ૫૨,૦૮૧ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે.

વધતા પાણીના સ્તરને ધ્યાનમાં રાખીને, યમુના નદી પરનો લોખંડનો પુલ બંધ કરવામાં આવ્યો છે. દિલ્હી વહીવટીતંત્રે આશંકા વ્યક્ત કરી છે કે નદી કિનારે રહેતા ૨૦,૦૦૦ થી વધુ લોકો પ્રભાવિત થઈ શકે છે, જેમાંથી લગભગ ૧૫,૦૦૦ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા અને રાહત શિબિરોમાં જવાની અપીલ કરવામાં આવી છે. દિલ્હી સરકારના વરિષ્ઠ અધિકારીઓ પરિસ્થિતિનો તાગ લઈ રહ્યા છે.દિલ્હીને અડીને આવેલા ગુરુગ્રામમાં ભારે વરસાદ બાદ, રસ્તાઓ પર પાણી ભરાયા અને કલાકો સુધી ટ્રાફિક જામ રહ્યો.ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યા બાદ, વહીવટીતંત્રે શાળાઓ બંધ કરી દીધી છે અને ઓનલાઈન વર્ગોનો નિર્દેશ આપ્યો છે. કંપનીઓને ઘરેથી કામ કરવાની સલાહ આપવામાં આવી છે. પાણી ભરાવાના કારણે નોઇડા અને દિલ્હીમાં પણ ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો.

હવામાન વિભાગના લાલ અને નારંગી ચેતવણીને ધ્યાનમાં રાખીને, ઉત્તરાખંડમાં ચારધામ યાત્રા અને હેમકુંડ સાહિબ યાત્રા ૫ સપ્ટેમ્બર સુધી બંધ કરવામાં આવી છે. ભારે વરસાદ અને ભૂસ્ખલનના ભયને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઉત્તર પ્રદેશના મથુરામાં, યમુના નદી પણ ભયના નિશાનથી ઉપર વહી રહી છે. ઘાટ, મંદિરો, ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી ગયું છે.





### પંજાબમાં પૂર અને ભારે વરસાદે તબાહી મચાવી । ૧૩૧૨ ગામો પૂરની ઝપેટમાં

